BAOU Education for All
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# અનુઆધુનિક: સંજ્ઞા, વિભાવના અને ઘડતરબળો

અવની સોલંકી

સારાંશ : આધુનિકતા પછીના સમયને આપણે અનુઆધુનિક યુગ તરીકે ઓળખીએ છીએ.1986 પછીના સમયને અનુઆધુનિક સમય સંજ્ઞા મળેલી છે. વીસમી સદીના અંતિમ ચરણના પ્રજાજીવનના પ્રવાહો અને સાહિત્યને સમજવાનો સૈદ્ધાંતિક પ્રયાસ અત્રે કરવામાં આવ્યો છે .

**ચાવીરૂપ શબ્દો**: અનુઆધુનિકતા , નારીવાદ, નારી સંવેદન, પરંપરા વિચ્છેદ , પ્રયોગશીલતા .

'અનુઆધુનિક' શબ્દનો શાબ્દિક અર્થ 'આધુનિક પછીનું' એવો થાય. સુરેશ જોશી પ્રેરિત આધુનિક યુગ પછી શરૂ થતો યુગ એટલે કે ઇ.સ.૧૯૮૫ પછીનો ગાળો 'અનુઆધુનિક યુગ' ગણી શકાય. ગુજરાતી સહિત્યમાં 'આધુનિકતા વાદ' પછી જે અભિગમ આકાર લે છે તે 'અનુઆધુનિકવાદ' તરીકે ઓળખાય છે. ફ્રેન્ચ તત્વજ્ઞ લ્યોતાર એ 'અનુઆધુનિકવાદ' (Postmodernism) સંજ્ઞાના જનક છે. સમયના એક જ પટ પર એકથી વધુ પેઢીનાં સર્જકો સક્રિય હોવાથી એક જ સમયગાળામાં વર્તમાન અને પૂર્વેનાં એમ બન્ને યુગની લાક્ષણિક્તાઓવાળી રચનાઓ જોવા મળે છે. આથી અનુઆધુનિક્તાનાં ખ્યાલને સમયની સાથે સાથે તેના ગુણધર્મોના સંદર્ભમાં પણ સમજવો પડે. બીજા વિશ્વયુધ્ધની ઘટના પછી ઇશ્વર પરથી અને જીવન પરથી ઊડી ગયેલી શ્રધ્ધા, નગર સંસ્કૃતિનું આક્રમણ, જ્ઞાન-વિજ્ઞાન અને મનોવિજ્ઞાનની વિસ્તરેલી ક્ષિતિજોને કારણે થયેલું વસ્તુસ્થિતિનું વસ્તવિક દર્શન વગેરેમાંથી આધુનિક યુગનો જન્મ થયો. આધુનિકતાનાં આ વૈશ્વિક આંદોલનની અસર ભારતીય તેમજ ગુજરાતી સહિત્ય પર પણ પડી અને સહિત્યમાં માનવજીવનની અર્થહિનતા, તેનું એકલવાયાપણું અને તેનાં અસ્તિત્વલક્ષી સંવેદનો ગુજરાતી ભાષાનાં તમામ સહિત્યસ્વરૂપોમાં આંદોલન સ્વરૂપે સ્થાન પમ્યાં, પરંતુ આધુનિક યુગનાં પ્રયોગશીલતના પુરસ્કર્તા સુરેશ જોશીનું 1986માં અવસાન થયું અને સાહિત્યમાં પ્રગોગશીલતાનું પુર ઓસરવા માંડ્યું અને ગુજરાતી સાહિત્યમાં 'અનુઆધુનિક યુગ'નો ઊદય થયો.

આધુનિક યુગનાં કેન્દ્રમાં ઇશ્વરનો અસ્વીકાર છે, નિરીશ્વરવાદ છે, જીવન પરત્વે હતાશા અને નિરાશાનો ભાવ છે, જ્યારે અનુઆધુનિક યુગનો સર્જક સાંપ્રત પરિસ્થિતિનો સ્વીકાર કરીને હકારાત્મક વલણ અપનાવે છે. ઇશ્વરનાં અસ્તિત્વ પર સવાલ કરવાને બદલે મનુષ્યને આશ્વાસન મળે તેવા સંવેદનને આલેખે છે.

અનુઆધુનિક યુગ જીવનશૈલીની દૃષ્ટીએ અત્યાધુનિક છે. પ્રત્યાયનના સાધનો વધતાં વિશ્વ નાનું બની ગયું છે. ઇન્ટરનેટનાં માધ્યમથી ભૌતિક અંતર તદ્દન ઘટી ગયું છે. પરસ્પરનો સંપર્ક સરળ બન્યો હોવા છતાં માણસ વધુ ને વધુ એકલો બન્યો છે. વસતિવિસ્ફોટ, શહેરીકરણ અને યાંત્રીકરણથી માનવીનું મૂલ્ય ઘટી ગયું છે. છેલ્લા ત્રણ દાયકામાં ઘટેલી રાજકીય ઘટનાઓ-પરિવર્તનો આ યુગનાં મહત્વનાં ઘડતરબળો છે. ગુજરાતમાં ૧૯૮૧માં પ્રથમ અને ૧૯૮૫માં બીજું રાજ્યવ્યાપી અનામત વિરોધી આંદોલન થાય છે, જેના પરિણામ સ્વરૂપે મોટી જાનહાની થાય છે અને તત્કાલીન મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપે છે. આ આંદોલન પછી શિક્ષિત દલિત વર્ગ ક્રાંતિ સાથે આગળ આવે છે અને સાહિત્યમાં દલિત અસ્મિતા અને તેમનાં ગૌરવની વાત તીવ્ર આક્રોશ સાથે રજૂ થાય છે. સહિત્યમાં દલિતચેતનાનો નવો પ્રવાહ શરૂ થાય છે. સાહિત્યકૃતિઓ ઉપરાંત 'હયાતી', 'નિરીક્ષક', 'નયા માર્ગ' ઇત્યાદિ સામયિકોમાં પણ સમાજનાં છેવાડાનાં માણસની, દલિતો અને આદિવાસીઓની વેદનાને વાચા મળે છે. સવર્ણ વર્ગનાં સર્જકો પણ આ ક્ષેત્રે સર્જન કરવા આગળ આવે છે.

ઇ.સ. ૧૯૮૭માં પ્રગટ થયેલ હિમાંશી શેલતનો વર્તાસંગ્રહ 'અંતરાલ'એ અનુઆધુનિક યુગનાં વિકાસની દૃષ્ટિએ સીમાચિહ્નરૂપ સંગ્રહ છે. સમાજનાં છેવાડાનાં વર્ગની વેદના, નારી સંવેદન ઉપરાંત રાજકીય પરિવર્તનો, જ્ઞાતિવાદ અને કોમી હુલ્લડો ઇત્યાદિ સાંપ્રત પરિબળો એમનાં સાહિત્યમાં કલાત્મક રીતે આલેખાયા છે. અનુઆધુનિક સમયની ચેતનાને પોતાના સાહિત્યમાં ઝીલતા આ યુગનાં તેઓ મહત્વનાં સર્જક છે. અનુઆધુનિક સમયમાં કોમવાદને ભડકાવનારું સ્વાર્થપ્રેરિત રાજકારણ સામે આવ્યું. ભ્રષ્ટાચાર અને રાજકીય કૌભાંડો પણ વધ્યા. પ્રજાની લોકશાહી પરની શ્રધ્ધા ડગી જાય તેવા વાતાવરણનું નિર્માણ થયું. આ બધાં પરિબળોએ આ યુગનાં ઘડતરમાં અગત્યનો ભાગ ભજવ્યો.

એક બાજુ ઇન્દિરા ગાંધી તથા રાજીવ ગાંધીની હત્યા, રામ જન્મભૂમિ આંદોલન ,ધરતીકંપ, આતંકવાદી હુમલાઓ અને કોમી રમખાણો જેવી આઘાતજનક ઘટનાઓથી પ્રજાજીવન છિન્ન ભિન્ન થયું, તો બીજી તરફ આ યુગમાં ટેક્નોલોજીનાં ઝડપી વિકાસને પરિણામે કમ્પ્યુટર, ઇન્ટરનેટ, કમ્પ્યૂટર, મોબાઇલ ફોન વગેરે અત્યાધુનિક સાધનોથી સાઇબર સંસ્કૃતિનું નિર્માણ થયું અને કોમ્પ્યૂટરાઇઝેશન આ યુગની નોંધપાત્ર લાક્ષણિકતા બની. આ યુગમાં નારીવાદી સાહિત્ય નારીસંવેદનકેન્દ્રી બને છે. નારી સંવેદનકેન્દ્રી વિષયોનો વ્યાપ વધે છે અને નારીનાં આંતરજગતની અભિવ્યક્તિની નવી તરાહો આ યુગમાં આકાર લે છે. નારીચેતનાનું આલેખન અનુઆધુનિક સમયની અગત્યની લાક્ષણિકતા બને છે.

આધુનિક યુગનું સાહિત્ય તર્કમૂલક હતું. આધુનિક સર્જકોએ સહિત્યમાં મનુષ્યજીવનની નિ:સહાયતા, એબ્સર્ડનું સંવેદન અને નિરીશ્વરવાદનાં આલેખન દ્વારા મનુષ્યજીવનની શાશ્વત નાશવંતતા અને કડવી વસ્ત્વિક્તાને માનવસમાજ સમક્ષ ખડી કરી દીધી, જ્યારે અનુઆધુનિક યુગનો સર્જક સત્યને માત્ર તર્કમૂલક દૃષ્ટિથી ન જોતા  ઐતિહાસિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિમાણો સહિત આશાવાદી પરિપ્રેક્ષ્યથી જુએ છે. પરંપરા અને સંસ્કૃતિથી વિચ્છેદ પામેલા માનવની ફરીથી તેના મૂળ સાથે જોડવાની મથામણ આ યુગમાં થાય છે. માનવીની જીવન પરત્વેની ગુમાવી દીધેલી શ્રધ્ધા અને સાર્થકતાની પુન:સ્થાપના માનવતાના બળે કરવાનો યત્ન અનુઆધુનિક યુગનો સર્જક કરે છે. આમ, અનુઆધુનિકતા એ આધુનિકતાના પ્રતિકારરૂપે જન્મેલો વિધેયાત્મક વાદ છે.

સારાંશ : આધુનિકતા પછીના સમયને આપણે અનુઆધુનિક યુગ તરીકે ઓળખીએ છીએ.1986 પછીના સમયને અનુઆધુનિક સમય સંજ્ઞા મળેલી છે. વીસમી સદીના અંતિમ ચરણના પ્રજાજીવનના પ્રવાહો અને સાહિત્યને સમજવાનો સૈદ્ધાંતિક પ્રયાસ અત્રે કરવામાં આવ્યો છે .

.................................................................................................

અવની સોલંકી

રીસર્ચ સ્કોલર (Ph.D.), ગુજરાતી વિભાગ,

કાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ